# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/115 Dt. 30/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'ઓટો એક્ષ્પો ૨૦૨૬' માટે કર્ટેન રેઝર સેરેમની યોજાઇ

### તા. ૧૩થી ૧૬ માર્ચ ૨૦૨૬ દરમ્યાન આયોજિત 'સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્ષ્પો–૨૦૨૬'માં ૧૦૦થી વધુ એકઝીબીટર્સ ભાગ લેશે, ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૨૯ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે અવધ ઉટોપિયા ખાતે 'સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્ષ્પો ૨૦૨૬' માટે કર્ટેન રેઝર સેરેમની યોજાઇ હતી, જેમાં ઓટો એક્ષ્પો ૨૦૨૬નું લોન્ચીગ કરવામાં આવ્યું હતું. ચેમ્બર દ્વારા તા. ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ માર્ચ ૨૦૨૬ દરમ્યાન ઓટો એક્ષ્પોની સાતમી આવૃત્તિ રજૂ કરવામાં આવશે, જેમાં ૧૦૦થી વધુ એકઝીબીટર્સ ભાગ લેશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્ષ્પો ૨૦૨૬ દક્ષિણ ગુજરાત માટે એક નવો માઇલસ્ટોન સાબિત થશે. આ એક્ષ્પો માત્ર ઓટોમોબાઇલ ક્ષેત્ર જ નહીં પરંતુ ટ્રેડ, મેન્યુફેકચરિંગ અને સર્વિસ સેકટર માટે પણ નવી તકો ઉભી કરશે. સુરત શહેરને ગ્લોબલ ઓટો હબ તરીકે સ્થાપિત કરવાની દિશામાં આ એક્ષ્પો એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સર્વેનો આભાર માનતા જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા આયોજિત દરેક એક્ષ્પો ઉદ્યોગ જગત માટે નવા દ્વાર ખોલે છે. ઓટો એક્ષ્પો ૨૦૨૬ પણ શહેર અને પ્રદેશની આર્થિક વૃદ્ધિમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્ષ્પો ૨૦૨૬ના ચેરમેન શ્રી મેહુલ દેસાઇએ જણાવ્યું હતું કે, આ એક્ષ્પોમાં ભારત તથા વિદેશની અગ્રણી ઓટોમોબાઇલ કંપનીઓ પોતાના મોડલ્સ, ઈ વ્હીકલ્સ અને ઓટો ટેકનોલોજી રજૂ કરશે. તેમણે પ્રેઝન્ટેશન દરમ્યાન ઓટો એક્ષ્પોની ઝલક રજૂ કરી હતી, જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરની ઓટોમોબાઇલ કંપનીઓ, ઈલેક્ટ્રિક વાહનો, હાઈબ્રિડ ટેકનોલોજી તથા ઓટો કમ્પોનન્ટ્સના વિશાળ પ્રદર્શનનો સમાવેશ કર્યો હતો.

ઓટો એક્ષ્પોના કો–ચેરમેનો શ્રી કનુભાઇ મોદી અને શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા યોજાતો ઓટો એક્ષ્પો ભારતમાં બીજા ક્રમાંકનો હોય છે ત્યારે આ ઓટો એક્ષ્પોમાં ઓટો ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા એમએસએમઇ તથા સ્ટાર્ટઅપ્સને પોતાની પ્રોડકટ્સ અને ઇનોવેશન રજૂ કરવાની ઉત્તમ તક મળશે. ઉદ્યોગની સાથે સાથે ગ્રાહકોને પણ આ એક્ષ્પોનો સીધો લાભ મળશે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત ઓટો એક્ષ્પોમાં વર્ષ ૨૦૧૧થી દરેક આવૃત્તિમાં ભાગ લેનારા એકઝીબીટર્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારોહનું સમગ્ર સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઓલ એકઝીબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુમ્મર, ગૃપ ચેરમેન શ્રી રાકેશ જૈન, પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા અને સુરતના ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીના આગેવાનો સમારોહમાં ઉપસ્થિત રહયા હતા. કર્ટેન રેઝર સેરેમની દરમિયાન ઉપસ્થિત તમામને એક્ષ્પોની થીમ, એક્ષ્પોની તારીખ અને પ્રદર્શનની રૂપરેખા વિષે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.